કાશ્મીર-ઝારખંડમાં આજે ચોથા ચરણ માટે મતદાન

રાંચી/શ્રીનગર,તા. ૧૩

જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીના ચોથા તબક્કા માટે આવતીકાલે મતદાન યોજનાર છે. જેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. સઘન સુરક્ષા વચ્ચે મતદાન યોજાશે. જમ્મુ કાશ્મીરમાં ૧૮ અને ઝારખંડમાં માઓવાદીગ્રસ્ત ૧૫ બેઠકો માટે મતદાન યોજાશે. મોદીની લહેર વચ્ચે બાજપ બન્ને રાજ્યોમાં શાનદાર જીત મેળવી લેવા માટે આશાવાદી છે. મોદી લહેર વચ્ચે હાલમા ભાજપે હરિયાણામાં બહુમતિ સાથે જીત મેળવી હતી. જમ્મુ કાશ્મીરમાં ચોથા તબક્કામાં ૧૮ બેઠકો માટે મતદાન યોજાનાર છે. અહીં કુલ ૧૮૨ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. જેમાં મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લા અને પીડીપીના વડા મુફ્તિ મોહમ્મદ સઈદનો સમાવેશ થાય છે. ૭.૦૫ લાખ મહિલાઓ સહિત ૧૪.૭૩ લાખથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉત્સુક છે. રાજ્યના ચાર જિલ્લામાં કુલ

૧૮૯૦ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કરનારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા નવજોત સિદ્ધુ અને સાંસદ વિનોદ ખન્નાનો સમાવેશ થાય છે. મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લા સોનાવર વિધાનસભા બેઠકથી ચૂંટણી લડનાર છે. બીજી બાજુ રાંચીથી પ્રાપ્ત અહેવાલ મુજબ આવતીકાલે ૧૫ બેઠકો માટે મતદાન યોજનાર છે. જે ૧૫ બેઠકો માટે મતદાન યોજનાર છે તેમાં માધુપુર, દિયોગઢ(એસી), બાગોદર, જમુઆ(એસસી), ગાન્ડે, ગિરિદિહ, ડુમરી, બોકારો, ચંદનક્યારી(એસસી), સિન્દરી, નિરસા, ધનબાદ, ઝરિયા, તુન્ડી અને બાગમારાનો સમાવેશ થાય છે. ઝારખંડમાં કુલ ૨૧૭ ઉમેદવારો તેમના ભાવિ અજમાવી રહ્યા છે. ઝારખંડ મુક્તિ મોરચા અને બહુજન સમાજ પાર્ટીએ સૌથી વધુ ૧૪-૧૪ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. રાજ્યમાં ૪૩૪૮૭૦૯ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે. ઝારખંડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક હેવીવેઈટ દ્વારા પ્રચાર કરીને લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. ચોથા તબક્કાના મતદાન પહેલા આક્રમક પ્રચારનો દોર ચાલ્યો હતો. ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેલીઓ કરી હતી. કોંગ્રેસ, પીડીપી અને નેશનલ કોન્ફરન્સના વરિષ્ઠ નેતાઓ પણ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. પ્રચાર દરમિયાન તમામ પાર્ટીના નેતાઓએ તમામ તાકાત લગાવી દીધી હતી ભાજપ પ્રથમ વખત રાજ્યમાં સરકાર બનાવવા માટે ઉત્સુક છે. તે મિશન ૪૪ને લઈનેવ્યસ્ત છે. મોદી પ્રચાર કરવામાં વ્યસ્ત રહ્યા છે. બીજી બાજુ ઝારખંડમાં પણ ભાજપ લડાયક છે. બન્ને રાજ્યોમાં પ્રચારનો અંત આવ્યા બાદ શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી છે. તમામ સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ પગલા લેવામાં આવ્યા છે.અનિચ્છનીય બનાવને ટાળવા પગલા લેવામાં આવ્યા છે.

૬૦થી વધુ મકાનોને આગ લગાવાઈ

ભાપોલમાં એક જ જૂથના બે સમુદાયની વચ્ચે હિંસા

ભોપાલ, તા. ૧૩

ભોપાલ શહેરમાં એકજ સમુદાયના બે જૂથો વચ્ચે નજીવી બાબતે હિંસા ભડકી ઉઠ્યા બાદ ભારે તંગદિલી ફેલાઈ ગઈ હતી. તોફાન દરમિયાન ૬૦થી વધુ મકાનોને આગ ચાંપી દેવામાં આવી હતી. આજે પણ સ્થિતિ તંગ રહી હતી. ચારેબાજુ પોલીસ જવાનોએ સુરક્ષા સંભાળી લીધી છે. ગુરુવારના દિવસે તોફાનો થયા હતા. હિંસામાં ઓછામાં ઓછા ૭૫ લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે જેમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. સાંપ્રદાયિક હિંસા બાદ પોલીસ અને રેપિડ એક્શન ફોર્સના જવાનોએ મોરચા સંભાળી લીધા છે અને પ્રતિબંધાત્મક આદેશો લાગૂ કરાયા છે. અસરગ્રસ્તોને સુરક્ષિત ખસેડાયા છે. તીક્ષ્ણ હથિયારો, પથ્થરો અને પેટ્રોલ બોંબથી હુમલા કરાયા હતા. હિંસાનો દોર આશરે બે કલાક સુધી ચાલ્યો હતો. જો કે, હવે સ્થિતિ શાંતિપૂર્ણ છે.

મહેંદી મંસુરની અંતે ધરપકડ કરી લેવાઈ

નવી દિલ્હી,તા.૧૩

ઈસ્લામિક સ્ટેટ તરફી ટ્વિટર એકાઉન્ટ હોલ્ડર મહેંદી મસરુર બિશ્વાસની આજે કર્ણાટક પોલીસ દ્વારા આખરે ધરપકડ કરી લેવામાં આવી હતી. આ શખ્સે છેલ્લા કેટલાક વર્ષથી એકાઉન્ટ એટદીરેટસમ્મીવિટનેસહેન્ડલ કરવાની વાત કબૂલી લીધી છે. અંગ્રેજી બોલતા આઈએસના આતંકવાદીઓ સાથે પણ તેના સંબંધ હોવાનું જાણવા મળ્યું છે. આઈએસ તરફથી ટ્વિટર એકાઉન્ટ ઓપરેટ કરવાની કબૂલાત કર્યા બાદ પોલીસે એફઆઈઆર દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. બેંગ્લોર પોલીસ દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ ૨૪ વર્ષીય એમએનસીના કારોબારીની ધરપકડ કરી લીધી છે. તેની પાસેથી મોબાઈલ ફોન અને લેપટોપ કબજે કરાયો છે. મોડેથી પત્રકાર પરિષદમાં આ અંગેની જાહેરાત કરતા કર્ણાટકના ડીજીપી પચાઉએ કહ્યું હતું કે, તે તેની સાચી ઓળખ સાવધાનીપૂર્વક છુપાવી રહ્યો હતો. તેને વિશ્વાસ હતો કે, તે ઝડપાશે નહીં. તે નવી આઈએસ ભરતી માટે માહિતી અને ઉશ્કેરણીજનક કૃત્યો કરી રહ્યો હતો. ૨૪ વર્ષીય એમએનસીનો કર્મી ૫.૩ લાખના વાર્ષિક પેકેજ સાથે મેન્યુફેક્ચરિંગ એક્ઝીક્યુટીવ તરીકે કામ કરી રહ્યો હતો. રાત્રિ ગાળા દરમિયાન તે આઈએસ માટે કામ કરી રહ્યો હતો. તેની સામે આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ કેસ નોંધીને તપાસ હાથ ધરાઈ છે. વિશ્વમાં આતંકવાદીઓ સામે તેના કોઈ કનેક્શન છે કે કેમ તેમાં તપાસ હાથ ધરાઈ છે. મહેંદી મૂળરીતે

મૂળભૂતરીતે પશ્ચિમ બંગાળ સ્ટેટ પશ્ચિમ બંગાળનો છે જ્યાં તેના માતા-પિતા અને બહેનો રહે છે. તે ઈલેક્ટ્રીસીટી બોર્ડના કર્મીનો પુત્ર છે જે ૨૦૧૨થી ભાડાના મકાનમાં રહેતો હતો. આઈએસની બાબતોમાં આ શકમંદ ખુબ રસ લઈ રહ્યો હતો. છેલ્લા ઘણા વર્ષથી ટ્વિટર એકાઉન્ટ ચલાવી રહ્યો હતો. બ્રિટનની ચેનલ ચાર ન્યુઝ દ્વારા ઘટસ્ફોટ કરાયા બાદ સત્તાવાળાઓએ નોંધ લીધી હતી. સમ્મીવિટનેસ હેઠળ લખવામાં આવેલા તેના ટ્વિટને ઘણા લોકો જોઈ ચુક્યા છે. ઈસ્લામિક સ્ટેટ ટ્વિટર એકાઉન્ટમાં તે પ્રભાવશાળી બની ગયો હતો તેની ઈન્ટેલીજન્સ સંસ્થાઓ દ્વારા ઈસ્લામિક સ્ટેટ સાથે સંડોવણી મામલે પુછપરછ થઈ રહી છે. વિદેશી જેહાદીઓ પણ આમા સક્રિય હતા અને તે આઈએસના એજન્ડાને આગળ વધારી રહ્યા હતા. આઈએસમાં સામેલ થવા માટે આ વર્ષની શરૂઆતમાં ઘર છોડીને જતો રહેલો કલ્યાણનો એક યુવાન કરીબ માજીદ ટ્વિટર હેન્ડલમાં મદદ કરી રહ્યો હતો. મહેંદીના ટ્વિટર એકાઉન્ટથી તે પોતે પ્રભાવિત હોવાની વાત કબૂલી ચુક્યો છે. મુંબઈ પરત ફર્યા બાદ તેની થોડાક દિવસ પહેલા જ ધરપકડ કરાઈ હતી.

ઓસ્ટ્રેલિયાએ ૪૮ રને મેળવેલી જીત

એડિલેડ,તા. ૧૩

બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની એડિલેડ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં આજે રોમાંચક તબક્કામાં મેચ પ્રવેશ્યા બાદ આખરે જીત મેળવી હતી. ભારત ઉપર પાંચમા અને અંતિમ દિવસે ઓસ્ટ્રેલિયાએ ૪૮ રને જીત મેળવીને શ્રેણીમાં ૧-૦ની મહત્વપૂર્ણ લીડ મેળવી હતી. જીતવા માટેના ૩૬૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે શાનદાર રમત રમી હતી અને એક વખતે ભારતની જીત બિલકુલ સ્પષ્ટ દેખાઈ રહી હતી.કારણ કે ભારતે એક વખતે પ્રથમ બે સેશનમાં માત્ર બે વિકેટ ગુમાવીને ૨૦૫ રન બનાવી લીધા હતા અને ભારતને ચા બાદ ઓછામાં ઓછી ૩૭ ઓવરમાં માત્ર

૧૫૮ રન કરવાની જરૂર હતી. પરંતુ ભારતે નાટ્યાત્મકરીતે તેની છેલ્લી આઠ વિકેટ માત્ર ૭૩ રનમાં ગુમાવી હતી. લિયોને ઓસ્ટ્રેલિયાને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. લિયોને બીજા દાવમાં પણ ૧૫૨ રન આપી સાત વિકેટ ઝડપી હતી. જ્યારે આઈ ટેસ્ટમાં લિયોને પોતાની કેરિયરની બેસ્ટ બોલિંગ કરતા ૨૮૬ રન આપીને ૧૨ વિકેટ ઝડપી હતી.સમગ્ર મેચમાં ભવ્ય દેખાવ કરનાર લિયોનની મેન ઓફ ધ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. ભારત તરફથી કેપ્ટન વિરાટ કોહલીએ બીજી ઈનિંગ્સમાં શાનદાર ૧૪૧ રન બનાવ્યા હતા. જેમાં ૧૬ ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. વિરાટ કોહલી આઉટ થયા બાદ ભારતે એકપછી એક વિકેટ ઝડપથી ગુમાવી હતી અને મેચ ગુમાવી દીધી હતી. ભારત તરફથી મુરલી વિજયે ૨૩૪ બોલમાં ૧૦ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૯૯ રન બનાવ્યા હતા. જો કે તે નર્વસ નાઈન્ટીનો શિકાર થયો હતો. કેપ્ટન તરીકેની પોતાની પ્રથમ ટેસ્ટમાં જ વિરાટ કોહલીએ બન્ને ઈનિંગ્સમાં સદી કરી હતી. આની સાથે જ આ સિદ્ધી મેળવનાર તે ગ્રેગ ચેપલ બાદ બીજો ખેલાડી બન્યો હતો.લિયોનની મેન ઓફ ધ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. ગઈકાલે ચોથા દિવસે રમત બંધ રહી ત્યારે ઓસ્ટ્રેલિયાએ તેના બીજા દાવમાં પાંચ વિકેટ ગુમાવીને ૨૯૦ રન બનાવ્યા હતા. આજે ઓસ્ટ્રેલિયાએ પાંચ વિકેટે ૨૯૦ રન બનાવીને દાવ ડિકલેર કર્યો હતો. જેથી મેચ અતિ રોમાંચક તબક્કામાં પ્રવેશી ગઈ હતી.જીતવા માટેના ૩૬૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે ખરાબ શરૂઆત કરી હતી. શિખર ધવન માત્ર નવ રન કરી આઉટ થયો હતો. ધવન પ્રથમ ઈનિંગ્સમાં પણ ફ્લોપ રહ્યો હતો. પ્રથમ ઈનિંગ્સમાં તે માત્ર ૨૫ રન કરી શક્યો હતો. આ ટેસ્ટ મેચના પ્રથમ દાવમાં શાનદાર ૧૪૫ રન ફટકારનાર ડેવિડ વોર્નરે ફરી એક સદી ફટકારી હતી. વર્ષ ૨૦૧૪માં બીજી વખત વોર્નરે ટેસ્ટમાં બન્ને ઈનિંગ્સમાં સદી કરી છે. વિરાટ કોહલી અને મુરલી વિજય સિવાયના બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા.

કાશ્મીરમાં સરપંચની ક્રૂર હત્યાથી ભારે સનસનાટી

શ્રીનગર, તા. ૧૩

ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના સોપોરે વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે અપહરણ કરવામાં આવેલા સરપંચની લાશ આજે મળી આવી હતી. તેમની હત્યા કરવામાં આવી હોવાનુ જાણવા મળ્યું છે.

પોલીસે વિગત આપતા કહ્યું છે કે ગુલામ મોહમ્મદ મીરનો મૃતદેહ સોપોરે શહેરના સાલબાગ વિસ્તારમાં એક ખેતરમાંથી મળી આવ્યો હતો. શુક્રવારે રાત્રે નવ વાગ્યાની આસપાસ તેમના આવાસથી ૬૨ વર્ષીય મીરનુ અપહરણ કરી લેવામાં આવ્યું હતુ. તેમના પરિવારના સભ્યોએ ફરિયાદ કર્યા બાદ પોલીસ તપાસ હાથ ધરવામાં આવી હતી. જમ્મ કાશ્મીરમાં નવા તબક્કામાં એટલે કે ચોથા તબક્કામાં આવતીકાલે મતદાન યોજનાર છે. મતદાનના એક દિવસ પહેલા જ સરપંચની હત્યાના બનાવથી વધુ દહેશત ફેલાઈ ગઈ છે.

મોદી ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ યોજવા માટે ઇચ્છુક

નવી દિલ્હી,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના વિકાસ મોડલની કેટલીક બાબતોને રાષ્ટ્રીય સ્તરે અમલી બનાવવાની યોજના ધરાવે છે. આના માટે વડાપ્રધાને પીએમઓને તૈયારીમાં લાગી જવા માટે સુચના આપી દીધી છે. મોદીએ ગુજરાતમાં મુડીરોકાણકારોને આકર્ષિત કરવા માટે વાઈબ્રન્ટ ગુજરાતનુ આયોજન કર્યુ હતુ. આને ખુબ સારી સફળતા હાથ લાગી હતી. આમાં ભરતભરના ઉદ્યોગપતિ પહોંચી રહ્યા હતા. વાઈબ્રન્ટ ગુજરાતની વિશ્વભરમાં નોંધ લેવામાં આવી હતી. આ જ રીતે મોદી હવે ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટની યોજના ધરાવે છે. ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ઈન્ડિયા શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. સુત્રો માહિતી આપતા કહ્યુંછે કે મોદીએ આના આયોજન માટે પીએમઓને તૈયારી શરૂ કરવા માટે સુચના આપી છે. આ સમિટ પણ વાર્ષિક રહેશે. આમાં પ્રથમ ભાગીદાર દેસઍ જાપાન રહેશે. સમિટમાં ૧૦૦થી વધારે દેશના પ્રતિનિધીઓને બોલાવવામાં આવશે. તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ ભાજપની સરકાર કેન્દ્રમાં સત્તામાં આવી છે.મોદીને દેશના લોકો વિકાસ પુરૂષ તરીકે જોઈ રહ્યા છે. દેશના લોકોએ મોદીમાં વિશ્વાસ વ્યક્ત કરીને તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતિ આપી છે. મોદીની પાર્ટીને ૨૮૩ બેઠકો મળી હતી. નરેન્દ્ર મોદી પણ વડાપ્રધાન તરીકેની જવાબદીર સંભાળી લીધા બાદ એક પછી એક ઝડપથી કામ કરી રહ્યા છે.

બ્લેક મની કેસ : સ્વિસ બેંકમાં ૪,૪૭૯ કરોડ મળી આવ્યા

નવી દિલ્હી,તા. ૧૩

કાળા નાણાના મામલે એક મોટો ઘટસ્ફોટ કરીને ખાસ તપાસ ટીમે આજે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે ૩૩૯ ભારતીયો સિક્રેટ સ્વીસ બેંક ખાતામાં ૪૪૭૯ કરોડ રૂપિયા ધરાવે છે. જ્યારે સીટે હજુ સુધી ૧૪૯૫૮ કરોડની ગેરકાયદે રોકડ રકમની ભાળ મેળવી છે.તેના બીજા અહેવાલમાં સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલા સીટે કાળા નાણાના દુષણને રોકવા માટે દુરગામી અને વ્યાપક ફેરફાર કરવાની માંગ કરી છે. પોતાની ભલામણમાં કેટલીક રજૂઆત કરવામાં આવી છે. રોકડ રકમ જાળવી રાખવાની મર્યાદામાં ફેરફાર કરવાની માંગ પણ કરવામાં આવી છે. ભલામણમાં ૧૦ લાખ અથવા તો ૧૫ લાખથી વધુની રોકડ રાખવા સામે દંડની જોગવાઈ કરવાની તરફેણ કરવામાં આવી છે.સીટે કહ્યું છે કે એક યુરોપિયન દેશોમાં ચોક્કસ મર્યાદાથી વધીરે સંપત્તિ જાળવી રાખવા પર પ્રતિબધ છે. ભારતમા ંપણ આવા નિયમોને અમલી કરી શકાય છે. સત્તાવાળાઓને વિદેશમાં ગેરકાયદે સપ્તિ ધરાવનાર શંકાસ્પદ ભારતીયોની ભારપતમાં સપંત્તિ જપ્ત કરવાની મંજૂરી આપવી જોઈએ. ૫૦ લાખથી વધુની કરચોરીને ગુના તરીકે ગણવા અથવા તો ગંભીર ગુનાઓ તરીકે ગણવાની ભલામણ કરવામાં આવી છે. પ્રવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ આને ગંભીર ગુના તરીકે ગણવાની વાત કરવામાં આવી છે. સીટે તેની ભલામણમાં એક લાખતી વધુના ચેક પેમેન્ટ માટે અને રોકડ માટે પાનને ફરજિયાત કરવાની વાત કરવામાં આવી છે. કાળા નાણાના સોર્સ તરીકે પોન્ઝી સ્કીમ, માઈનિંગ, આઈરન ઓર, એક્સપોર્ટ-ઈમ્પોર્ટ રૂટના દુરુપયોગની બાબત સામેલ છે.

હુમલાની વરસીએ શહીદ જવાનોને અંજલિ અપાઈ

નવીદિલ્હી, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વર્ષ ૨૦૦૧માં સંસદ પર થયેલા ભીષણ હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્રાસવાદી હુમલાની ૧ ૩મી વરસીના દિવસે માર્યા ગયેલા લોકોને પણ મોદીએ યાદ કર્યા હતા.

મોદીએ ટ્વીટર પર કહ્યું હતું કે વર્ષ ૨૦૦૧માં આ દિવસે અમારી લોકશાહીના મંદિર સંસદ પર હુમલા દરમિયાન તેના રક્ષણ માટે પોતાના પ્રાણોની આહુતિ આપનાર શહીદ જવાનોને તેઓ સેલ્યુટ કરે છે. તેમના બલિદાનને ક્યારેય લોકો ભુલી શકે નહી. વડાપ્રધાન મોદી ઉપરાંત ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને અન્ય રાજકીય નેતાઓએ પણ હુમલાની વરસીએ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સંસદ પર હુમલો કરવામાં આવ્યો ત્યારે પણ કેન્દ્રમાં ભાજપની અટલ બિહારી વાજપેયી સરકાર હતી અને સત્ર પણ ચાલી રહ્યું હતું. પરંતુ સદનસીબે આતંકવાદીઓ તેમના સંસદ પર કબજો જમાવવાના પ્રયાસમાં સફળ રહ્યા ન હતા.

સિમલામાં સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ

નવીદિલ્હી, તા. ૧૩

સમગ્ર ઉત્તર ભારતમાં હવે ઠંડી જામી રહી છે. કેટલાક ભાગોમાં તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલના

કેટલાક ભાગોમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયું છે. જેથી જનજીવનને પણ અસર થઈ છે. દેશના મેદાની ભાગોમાં પણ ઠંડી વધી રહી છે. શિમલાથી પ્રાપ્ત અહેવાલ મુજબ લોકપ્રિય ટ્યુરિસ્ટ સ્થળ શિમલા અને આસપાસના વિસ્તારોમાં સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ છે. હિમાચલ પ્રદેશના નીચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. જ્યારે કેટલાક ભાગોમાં વરસાદ થયો છે. જેથી તાપમાનમાં ઘટાડો થયો છે. લોકો તીવ્ર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હિમવર્ષાના કારણે પ્રવાસીઓ હવે ઉમટી પડ્યા છે. આ પખવાડિયામાં હવે પ્રવાસીઓ મોટી સંખ્યામાં પહોંચે તેવી શક્યતા છે. શિમલા નજીક ટ્યુરિસ્ટ સ્પોટ ખાતે લોકો પહોંચી રહ્યા છે. હનીમુનર્સ, કુફરી, ફાગુ અને નારકન્ડા જેવા વિસ્તારોમાં વધારે સંખ્યામાં પ્રવાસી પહોંચી રહ્યા છે. આ તમામ વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. હિલ સ્ટેશનોની ખુબસુરતી હિમવર્ષાના કારણે વદી ગઈ છે. મનાલી અને કિન્નોર નજીક પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. શિમલામાં આજે લઘુત્તમ તાપમાન ઘટીને ૩.૨ ડિગ્રી થઈ ગયુંહતુ. લાહોલ અને સ્પિતી જિલ્લામાં કેલોંગ ખાતે રાજ્યમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. અહીં તાપમાન માઈનસ ત્રણ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયુંછે. ધર્મશાળામાં લઘુત્તમ તાપમાન ૭.૪ ડિગ્રી રહ્યું હતુ. જ્યારે કલ્પામાં માઈનસ ૦.૨ ડિગ્રી તાપમાન રહ્યું હતુ. મનાલી ખાતે તાપમાન ૧.૬ ડિગ્રી તાપમાન રહ્યું હતુ.

ટીસીએસ આગામી વર્ષમાં ૩૫ હજાર લોકોની ભરતી કરશે

બેંગલોર,તા. ૧૩

ભારતની સૌથી મોટી સોફ્ટવેર નિકાસ કંપની ટીસીએસ આગામી વર્ષે ૩૫૦૦૦ લોકોની ભરતી કરનાર છે. ટીસીએસ તેના કર્મચારીઓના વર્તમાન માળખામાં પણ મોટાપાયે ફેરફાર કરે તેવી શક્યતા છે. તેના સિનિયર લેવલના કારોબારીઓમાંથી ખરાબ અને નિરાશાજનક દેખાવ કરી રહેલા કર્મચારીઓને લેઓફ આપી દેવામાં આવે તેવી શક્યતા છે. અંડર પર્ફોર્મર પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. કંપનીએ કહ્યું છે કે કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરવાની યોજના સ્વેચ્છિકરીતે રહેશે. નિવૃત થવા ઈચ્છુક લોકોને જ મંજૂરી આપવામાં આવનાર છે. કારોબારી ઉપપ્રમુખ અને ગ્લોબલ હેડ (માનવ સંશાધન) અજયોન્દ્ર મુખર્જીએ કહ્યું છે કે સ્વેચ્છિક રીતે કંપની છોડવા ઈચ્છુક લોકોને રોકવામાં આવશે નહી. બીજી બાજુ નવા કુશળ લોકોને સામેલ કરવામાં આવનાર છે. કેમ્પસમાથી ભરતીની પ્રક્રિયા પહેલાથી જ શરૂ કરવામાં આવી ચુકી છે. ૩૧૦૦૦ લોકોને ઓફર લેટર આપી દેવામાં આવ્યા છે. આવ પુનરચનાની કામગીરી કંપનીના કર્મચારીઓની સંખ્યાના એક ટકાની આસપાસ છે. કંપનીના માળખામા ફેરરચનાની સાથે સાથે મિડલ અને સિનિયર લેવલના કારોબારીઓ પર ખાસ ધ્યાન આપવામાં આવનાર છે. આ કવાયતને ફેબ્રુઆરી સુધી પૂર્ણ કરવામાં આવશે. ભારતમાં સૌથી વધુ ભરતી કરનાર કંપનીમાં ટીસીએસ સામેલ છે.

સમાચાર ઝલક

- ડાયાબીટીસના દર્દીઓ માટે સુગર ફ્રી બટાકાનું ઉત્પાદન શોધાયું.
- આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આકાશવાણી પર 'મન કી બાત'માં ચર્ચા કરશે.
- ઘરેલુ હિંસા રોકવા માટે દરેક જિલ્લામાં અધિકારી નીમવા હાઈકોર્ટનો આદેશ.
- મહેસાણા એસ.ટી. વિભાગમાં ૧૦૦ કર્મચારીઓએ કોમ્પ્યુટરની પરીક્ષામાં કૌભાંડ કરી બઢતી મેળવી.
- ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં ડમી પેપર ફુટયું હોવાની ચર્ચાએ જોર પકડયું.
- ચીખલી/બિલિમોરા/નવસારીમાં ખમણના વેપારી પાસેથી કાળુ નાણું ઝડપાયું.
- ઉત્તર પ્રદેશમાં વરસાદ, બરફીલા પવનથી ઠંડીમાં વધારો થયો.
- દિલ્હીમાં એ.ટી.એમ.નો દરવાજો બંધ થતાં ગ્રાહક ફસાઈ ગયો.
- કચ્છમાં હનુમાનજી વિષે અભદ્ર લખાણના વિરોધમાં રેલી યોજાઈ.
- વડોદરા રેલવે સ્ટેશન નજીક ગટરમાંથી અગન જવાળાઓ નીકળવા લાગી.